ઠ રા વ.

(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એક સ્વાયત બોર્ડ છે કે જેની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે આવેલી છે.જેને હવે પછી અત્રે બોર્ડ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના નોટીફીકેશન નં.એસ.ઓ., ૩૯૪(ઈ) તા.૧૬/૪/૮૭ મુજબ પ્રાદેશિક અધિકારીને ફરીયાદ કરવાની સત્તા આપવામાં આવેલી છે.આરોપી નિરવ ડાયઝ એન્ડ કેમીકલ્સ નામની પેઢી ધરાવે છે. જેમાં આરોપીએ એન્વાયરમેન્ટ ઈમ્પેકટ એસેસમેન્ટ નોટીફીકેશન એસ.ઓ.૧૫૩૩ તા.૧૪/૯/૨૦૦૬ ની જોગવાઈ મુજબ એન્વાયરમેન્ટ ઈમ્પેકટ એસસમેન્ટ નોટીફીકેશન ૨૦૦૬ મુજબ બોર્ડનું એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટિફીકેટ લીધા વગર તેમના પ્રોજેકટમાં ઉત્પાદન ચાલુ કરેલ હતું. જે અંગે ફરીયાદીને તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજ બોર્ડના સભ્ય સચિવશ્રી તરફથી મળેલ સંદેશ આધારે તેઓ તથા ઓફીસ સ્ટાફ બનાવના સ્થળે જી.આઈ.ડી.સી. વટવા ખાતે ગયેલ ત્યાં ફેકટરી ચાલું હતી અને ૨chloro 4 sulphonicacid (C.L.T.Acid) બનાવવામાં આવતું હોવાનું જણાયેલ આથી આરોપીએ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ તથા ઈ.આઈ.એ.નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ કલમ ૧૫ અને ૧૯ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેઓ સામે પગલાં લેવા હાલની ફરીયાદ કરેલી છે.

(૨). આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ ની જોગવાઈ અન્વયે કેસની નકલો આપી દીધેલી છે અને તેઓને ગુના અંગે પુછતાં તેઓ આજરોજ તેમની સામેનો

ગુનો આંક ૧ માં જણાવ્યા મુજબનો કબુલ રાખે છે અને તે અંગે લેખિત પુરસીસ આંકઃ૦૫ થી આપેલ છે.જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે.

(૩). આરોપી તરફે આંક–૦૫ થી કબુલાત પુરસીસ આપી રજુઆત કરેલી છે કે, તેઓની સામેનો આ કામનો ગુનો તેઓ કબુલ રાખે છે અને તેઓને યોગ્ય અને વ્યાજબી રકમનો દંડ કરવા અરજ કરે છે.વધુમાં તેઓ તરફે રજુઆત કરવામાં આવેલી છે કે,તેઓએ

અન્ય કોઈ ગુન્હો કરેલ નથી અને તમામ પ્રકારની તકેદારીઓ રાખેલ છે અને કાયદાના નિયમોનું પાલન કરેલ છે અને તેઓ કુટુંબકબીલવાળા છે અને અગાઉ તેમની સામે કયારે કોઈ ફોજદારી કેસ થયેલ નથી જેથી તેમની સામે દયા બતાવી યોગ્ય દંડ કરવા અરજ કરેલી છે.આમ આરોપી તરફે હાલની કબુલાત પુરસીસ આપતા તે પુરસીસ રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છીકરીતે ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.આમ આરોપીની ગુનો કબુલાત સ્વેચ્છીક હોય તે નહિ માનવાને કોઈ કારણ નથી.

આ કામે ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી જીતેન ચૌહાણ તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી વી.એલ.હીલપરાની દલીલો સાંભળી.આ કામની ફરીયાદની હકીકતો અને આરોપીની કબુલાત પુરસીસ ધ્યાને રાખતા અને તેમના તરફે કરેલ રજુઆત ધ્યાને લેતાં તેઓએ અન્ય કોઈ ગુન્હો કરેલ નથી અને તમામ પ્રકારની તકેદારીઓ રાખેલ છે અને કાયદાના નિયમોનું પાલન કરેલ છે અને તેઓ કુટુંબકબીલવાળા છે અને અગાઉ

તેમની સામે કયારેય કોઈ ફોજદારી કેસ થયેલ નથી તેવા તમામ સંજોગોમાં આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોય તેઓને મહત્તમ સજા નહિ કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો ન્યાયોચિત ગણાશે તેમ મારે માનવું છે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

::: હુ ક મ :::

આ કામના આરોપી ચીતન કીરણભાઈ શાહને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૧ મુજબ પર્યાવરણ (સુરક્ષા)અધિનિયમ તથા ઈ.આઈ.એ.નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ સદર કાયદાની કલમ ૧૫ મુજબ આરોપી ને રુ.૨૦,૦૦૦/—દંડ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૨/૦૩/૨૦૨૨.

(એ.એમ.વર્મા)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં.GJ00577